# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date:15-06-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

*****************************************************

1) અમદાવાદ વિમાન દુર્ઘટનાનાં 31 મૃતકોનાં DNA સેમ્પલ મેચ થયા - અત્યાર સુધીમાં કુલ 12 મૃતદેહ પરિવારજનો સોંપાયા.

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાયપ્રસ, કેનેડા અને ક્રોએશિયાની પાંચ દિવસની મુલાકાતે જવા રવાના.

3) ઉત્તરાખંડમાં ગૌરીકુંડ નજીક હેલિકોપ્ટર તૂટી પડતા તમામ છ પ્રવાસી અને એક પાયલટનું મૃત્યુ.

4) અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને અમેરિકા પર હુમલો કરવા સામે ચેતવણી આપી.

5) ટેબલ ટેનિસમાં, માનવ ઠક્કર અને માનુષ શાહ નોર્થ મેસેડોનિયામાં WTT કન્ટેન્ડર સ્કોપ્જે 2025ની ફાઇનલમાં પ્રવેશ્યા.

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# 31 DNA SAMPLE MATCH

અમદાવાદ વિમાન દુર્ઘટનાનાં 32 મૃતકોનાં ડીએનએ સેમ્પલ મેચ થયા છે. અત્યાર સુધીમાં કુલ 14 મૃતદેહ પરિવારજનો સોંપાયા છે. રાજ્ય સરકાર દ્વારા મૃતદેહોની ઓળખની કામગીરી અંગે અમદાવાદ સિવિલ હોસ્પિટલના એડિશનલ સુપ્રિન્ટેન્ડન્ટ ડો. રજનીશ પટેલે જણાવ્યું કે, જે ડીએનએ સેમ્પલ મેચ થયા છે તેમનાં પાર્થિવદેહ પરિવારજનોને સન્માનપૂર્વક સોંપવામાં આવી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, દરેક મૃતકના પરિવાર માટે એક અલાયદી ટીમ ફાળવવામાં આવી છે. આ ટીમમાં એક વરિષ્ઠ અધિકારી, પોલીસકર્મી અને એક પ્રોફેશનલ કાઉન્સેલરનો સમાવેશ થાય છે.

દરમિયાન, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ X પર જણાવ્યું છે કે, દુર્ઘટના સ્થળે મળી આવેલી દરેક વસ્તુને કાળજીપૂર્વક એકત્રિત કરવામાં આવશે અને મૃતકનાં પરિવારજનોને સોંપવામાં આવશે. શ્રી સંઘવીએ જણાવ્યું કે, અમારી ટીમ આ પ્રક્રિયા સરળતાથી પૂર્ણ થાય તે માટે નાગરિક ઉડ્ડયન વિભાગ સાથે સંકલનમાં કામ કરી રહી છે.

તેમણે જણાવ્યું કે, તમામ લાગુ પડતા નિયમો પ્રમાણે કાળજીપૂર્વક અને સંવેદનશીલતાથી મૃતક પ્રવાસીઓનો સામાન પરત કરવામાં આવશે.

. . . . . . . . . . . . . . .

# RUPANI DNA

અમદાવાદ વિમાન દુર્ઘટના બાદ પૂર્વ મુખ્યમંત્રી સ્વર્ગસ્થ વિજય રૂપાણીના DNA મેચ થયા છે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી આ જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું કે આજે સવારે 11 કલાકે સ્વર્ગસ્થ રૂપાણીના DNA મેચ થયા હતા. આજે બપોર બાદ રૂપાણી પરિવાર તેમની અંતિમયાત્રા અંગે અંતિમ નિર્ણય લેશે.

. . . . . . . . . . . . . . . .

# PM LEAVES FOR CYPRUS

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી આજે સાયપ્રસ, કેનેડા અને ક્રોએશિયાની પાંચ દિવસની મુલાકાતે જવા રવાના થયા. આ અગાઉ પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, તેઓ રાષ્ટ્રપતિ નિકોસ ક્રિસ્ટો ડોલાઇડ્સના આમંત્રણથી 15 અને 16 જૂનનાં રોજ સાયપ્રસ ગણરાજ્યની મુલાકાત લેશે.

સાયપ્રસને ગાઢ મિત્ર અને ભૂમધ્ય સાગર ક્ષેત્ર અને યુરોપિય સંઘમાં મુખ્ય ભાગીદાર ગણાવતા તેમણે જણાવ્યું કે, આ યાત્રા વેપાર, રોકાણ, સલામતી અને ટેકનોલોજીમાં સહકાર મજબૂત કરવાનો અને લોકો વચ્ચે પરસ્પર સંબંધોને પ્રોત્સાહન આપવાનો પ્રસંગ છે. પ્રધાનમંત્રી લિમાસોલમાં વેપારી અગ્રણીઓને સંબોધન કરશે.

વધુ માહિતી આપે છે અમારા સંવાદદાતા...

(VOICE CAST- RAJA-DURAI-FARAT)

. . . . . . . . . . . . . . .

# UPDATED KEDARNATH HELICOPTER CRASH

ઉત્તરાખંડમાં રુદ્રપ્રયાગ જિલ્લાના ગૌરીકુંડ નજીક ખાર્કની ટેકરીઓમાં આજે સવારે એક હેલિકોપ્ટર તૂટી પડતા તમામ છ પ્રવાસી અને એક પાયલટનું મૃત્યુ થયું છે.

યાત્રાળુઓ કેદારનાથ મંદિરની મુલાકાત લઈને ગુપ્તકાશી પરત ફરી રહ્યા હતા. ઘટનાની જાણ થતાં જ એનડીઆરએફ અને એસડીઆરએફની ટીમો સ્થળ પર રવાના કરવામાં આવી હતી અને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી.

હેલિકોપ્ટર સંપૂર્ણપણે રાખ થઈ ગયું છે અને તમામ મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે. વિમાન અકસ્માત તપાસ બ્યુરો હેલિકોપ્ટરની દુર્ઘટનાની તપાસ કરશે
મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ આ દુર્ઘટના પર ઊંડું દુઃખ વ્યક્ત કર્યું છે.

ગઢવાલ ડિવિઝનલ કમિશનર વિનય શંકર પાંડેએ આ દુર્ઘટના અંગે વધુ માહિતી આપી.......

(BYTE: VINAY SHANKAR PANDEY)

. . . . . . . . . . . . . . .

# J&K INTRUDERS

રવિવારે જમ્મુ અને કાશ્મીરના રાજૌરી જિલ્લામાં નિયંત્રણ રેખા પર ઘૂસણખોરીના પ્રયાસને સેનાના સતર્ક સૈનિકોએ નિષ્ફળ બનાવ્યો હતો, જ્યારે પૂંછ જિલ્લામાં નિયંત્રણ રેખા પર શંકાસ્પદ હિલચાલ જોવા મળ્યા બાદ શોધખોળ ચાલુ છે. અધિકારીઓએ જણાવ્યું કે, સતર્ક સૈનિકોએ રાજૌરી જિલ્લાના કેરી સેક્ટરના બારાતગલા વિસ્તારમાં નિયંત્રણ રેખા પર કેટલીક શંકાસ્પદ હિલચાલ જોઈ હતી. ત્યારબાદ સૈનિકોએ ઘુસણખોરો પર ગોળીબાર કરતાં ઘુસણખોરોને પાકિસ્તાન તરફ પાછા ફરવાની ફરજ પડી હતી.

અધિકારીઓએ અહીં જણાવ્યું હતું કે, સ્થાનિક લોકોએ વિસ્તારમાં કેટલીક શંકાસ્પદ હિલચાલ જોયાની જાણ કર્યા પછી, અન્ય આતંકવાદ વિરોધી કાર્યવાહીમાં, સુરક્ષા દળોએ પૂંછ જિલ્લામાં LoC પર શોધ શરૂ કરી છે.

. . . . . . . . . . . . . . .

# TRUMP – IRAN

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને અમેરિકા પર હુમલો કરવા સામે ચેતવણી આપી છે. તેમણે કહ્યું કે જો ઇરાન અમેરિકા પર હુમલો કરવાનો પ્રયાસ કરશે તો અમેરિકી સશસ્ત્ર દળોની સંપૂર્ણ તાકાત અને શક્તિ ઈરાન પર એવા સ્તરે આવી જશે જે પહેલા ક્યારેય જોવા મળ્યું ન હતું.

એક સોશિયલ મીડિયા સંદેશમાં તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, ઈરાન પર ઇઝરાયેલી હુમલામાં અમેરિકાની કોઈ સંડોવણી નથી અને તેથી અમેરિકા પર કોઈ પણ ઈરાની હુમલાનું પરિણામ ભોગવવું પડશે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે તેઓ સરળતાથી ઈરાન અને ઇઝરાયેલ વચ્ચે સમજૂતીને અંતિમ સ્વરૂપ આપી શકે છે.

. . . . . . . . . . . . . . .

# TENNIS- WTT SKOPJE

ટેબલ ટેનિસમાં ભારતના માનવ ઠક્કર અને માનુશ શાહે આજે નોર્થ મેસેડોનિયા ખાતે WTT કન્ટેન્ડર સ્કોપ્જે 2025ની પુરુષ ડબલ્સની ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. સેમી ફાઇનલમાં તેમણે દક્ષિણ કોરિયાની જોડી લિમ જોંગહૂન અને ઓહ જુનસુંગને 3-1 થી હરાવી હતી.

અગાઉ, ભારતીય જોડીએ ક્વાર્ટર ફાઇનલ રાઉન્ડમાં સમાન પરિણામો સાથે સ્લોવેનિયાના ડાર્કો જોર્જિક અને ડેની કોઝુલને હરાવ્યા હતા.

. . . . . . . . . . . . . . . .

# US-PARADE

અમેરિકાની સેનાએ ગઈકાલે વોશિંગ્ટન ડીસીમાં એક ઉત્સવ અને પરેડ સાથે તેની 250મી વર્ષગાંઠની ઉજવણી કરી. પરેડને સંબોધતા અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું, અમેરિકા વિશ્વનો સૌથી ગરમ દેશ છે અને ટૂંક સમયમાં પહેલા કરતાં વધુ મહાન અને મજબૂત બનશે.

ટ્રમ્પના 79મા જન્મદિવસ પર યોજાયેલી આ પરેડમાં લગભગ સાત હજાર સૈનિકો, ફ્લાયપાસ્ટ અને ફટાકડા સામેલ થયા હતા. દરમિયાન, ટ્રમ્પ વિરોધી જૂથોએ પરેડ સાથે દેશભરમાં પ્રદર્શનો કર્યા. લોસ એન્જલસથી બોસ્ટન સુધીના આ વિરોધ પ્રદર્શન ટ્રમ્પ રાષ્ટ્રપ્રમુખ તરીકે ફરીથી ચૂંટાયા પછી તેમના વિરુદ્ધ સૌથી મોટા હતા.

. . . . . . . . . . . . . . . .

# AXIOM-4

ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લાને આંતરરાષ્ટ્રીય અવકાશ મથક ISS લઈ જતા બહુપ્રતિક્ષિત એક્સિઓમ-4 મિશનને 19 જૂન પર ફરી એક વાર મુલત્વી રાખવામાં આવ્યું છે. મિશનમાં વિલંબ માટે જવાબદાર ટેકનિકલ સમસ્યાઓનાં સફળ ઉકેલ બાદ આ જાહેરાત કરાઈ હતી. આ મિશનને બે મુખ્ય તકનીકી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો જેના પર સાવચેતીપૂર્વક ધ્યાન આપવામાં આવ્યું.

ઈસરો, એક્સિઓમ સ્પેસ અને સ્પેસએક્સ વચ્ચે ફોલો-ઓન સંકલન બેઠક દરમિયાન, પુષ્ટિ થઈ હતી કે ફાલ્કન નવ પ્રક્ષેપણ વાહનમાં જોવા મળેલા પ્રવાહી ઓક્સિજન લીકેજ સમસ્યાનો સફળતાપૂર્વક ઉકેલ લાવવામાં આવ્યો છે.

આ મિશન ભારત માટે ખૂબ ઐતિહાસિક મહત્વ ધરાવે છે. જો અભિયાન સફળ થાય તો શુભાંશુ શુક્લા 1984માં આઇએસએસની મુલાકાત લેનારા પ્રથમ ભારતીય અવકાશયાત્રી અને ભ્રમણકક્ષામાં જનાર બીજા ભારતીય બનશે.

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .